EBIXCASH

# એચડીએફસી બેન્ક ઈબિક્સકેશ પ્રીપેડ કાર્ડ એપ્લીકેશન ફોર્મ

HDFC BANK
We understand your world

હાલનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડીને તેને આડી સહી કરો

**અરજદારનું નામ**

* પ્રથમ નામઃ

પિતાનું નામઃ

અટકઃ

* જન્મની તારીખઃ

* મોબાઈલઃ

* માતાનું લગ્ન પહેલાનું નામઃ

* જાતિઃ ☐ પુ ☐ સ્ત્રી ☐ ત્રીજી જાતિ

* **સરનામું** (રહેઠાણના પૂરાવામાં ઉલ્લેખ કર્યા મુજબ)

* શહેર/નગરઃ

* પોસ્ટલ કોડઃ

* રાજ્યઃ

તારીખઃ

*અનુક્રમ નં.:
(કાર્ડની પાછળ રિવર્સમાં કરેલા ઉલ્લેખ મુજબ દા.ત. SO xxxx xxxx)

ઈમેઈલ આઈડીઃ

*દસ્તાવેજોઃ નીચેના દસ્તાવેજો કૃપા કરીને રજૂ કરશો

☐ આધાર નં

☐ પાન અથવા ઓવીડી

નોંધઃ ગ્રાહકને તેમના એટીએમ/પીઓએસ/ઈન્ટરનેટ પિન અને સીવીવી કોઈ પણ વ્યક્તિને ન જણાવવા/વિગતો પૂરી ન પાડવા સલાહ અપાય છે. ઈબિક્સકેશ અને/અથવા એચડીએફસી બેંક લિ.ને કોઈપણ વ્યક્તિ માટે કોઈપણ રીતે એચડીએફસી બેંક ઈબિક્સકેશ પ્રિપેઈડ કાર્ડના દુરુપયોગ અથવા તેને સંબંધિત ઠગાઈ માટે જવાબદાર કે દોષી ઠેરવી શકાશે નહીં. કૃપા કરીને ભાવિ સંદર્ભ માટે તમારુંઅનુમોદન એકત્રિત કરીને જાળવી રાખશો.

## ગ્રાહક આધાર સંમતિ

**(ઈ-પ્રમાણભૂતતા)**

હું ઉપરોક્ત આધાર નંબરધારક આ સાથે એચડીએફસી બેંક અને ઈબિક્સકેશ ઓપન લુપ જનરલ પર્પઝ રિલોડેબલ (જીપીઆર) કાર્ડને પ્રાપ્ત કરવા માટે ઈટ્ઝ કાર્ડ પ્રાઈવેટ લિમિટેડ (ઈબિક્સકેશ) દ્વારા આધારનો ઉપયોગ કરીને મારી જાતને પ્રમાણભૂત કરવા અને યુઆઈડીએઆઈ પાસેથી મારી જનસાંખ્યિક વિગતોની સાથે મારી અંગત વિગતો પ્રાપ્ત કરવા મારા આધાર અને બાયોમેટ્રિક્સ/ઓટીપીને એકત્રિત કરવા સંમતિ આપું છું. હું સમજું છું કે ઉપરોક્ત હેતુ માટે ઈબિક્સકેશ દ્વારા મારી ઓળખને લગતી માહિતીનો ઉપયોગ કરાશે. હું સમજું છું કે મારા બાયોમેટ્રિક્સ/ઓટીપી એન્ક્રિપ્ટેડ છે અને તેનો સંગ્રહ નહીં કરાય/વહેંચણી નહીં કરાય અને ફક્ત આ હેતુસર યુઆઈડીએઆઈ (સીઆઈડીઆર)ને સુપરત કરાશે.

**(ફિઝિકલ આધાર)**

હું ઉપરોક્ત આધાર નંબરધારક છું. હું આ સાથે એચડીએફસી બેંક અને ઈબિક્સકેશ ઓપન લુપ જનરલ પર્પઝ રિલોડેબલ (જીપીઆર) કાર્ડને પ્રાપ્ત કરવા માટે ઈટ્ઝ કાર્ડ પ્રાઈવેટ લિમિટેડ (ઈબિક્સકેશ) દ્વારા આધારનો ઉપયોગ કરીને મારી જાતને પ્રમાણભૂત કરવા સંમતિ આપું છું. હું યુઆઈડીએઆઈ દ્વારા પૂરી પડાયેલી આધાર ફિઝકલ કોપીને એકત્રિત કરવા મારી સંમતિ આપું છું. હું આધાર નકલ રજૂ કરવા અને અરજીપત્ર પર સહી કરવા માટેનો ઉદ્દેશ સમજું છું. મેં ઈબિક્સકેશ ઘોષણાપત્રને સમજી લીધું છે કે, મારી ઓળખની માહિતીનો ફક્ત ઈબિક્સકેશ દ્વારા ઉપરોક્ત જણાવેલા ઉદ્દેશ માટે જ ઉપયોગ કરાશે.

ગ્રાહકના હસ્તાક્ષર

## ઘોષણાપત્ર

મેં આ સાથે એચડીએફસી બેંક પ્રિપેઈડ કાર્ડના ઉપયોગ, નિયમો અને શરતો અને તેના સંબંધમાં લાગુ પડતી અન્ય વૈધાનિક જરૂરિયાતોને વાંચીને સમજી લીધી છે અને તેનું પાલન કરવા આ સાથે સંમત થાઉં છું. હું સમજું છું કે આ સંબંધમાં લાગુ પડતા નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફાર/સુધારા થશે તો તેની વિગતો મને ફક્ત ઈટ્ઝ કેશકાર્ડ લિ.ની વેબસાઈટ એટલે કે www.ebixcash.com પરથી જ મળશે અને તે મને બંધનકર્તા રહેશે. હું આ સાથે ઘોષણા કરુંછું કે આ અરજીપત્રમાં (અને તેની સાથે સંદર્ભિત કરીને પૂરા પડાયેલા તમામ દસ્તાવેજોમાં) અપાયેલી સઘળી વિગતો અને માહિતી ખરી, સાચી, સંપૂર્ણ અને તમામ સંબંધમાં છેલ્લામાં છેલ્લી છે અને મેં કોઈ વિગત છુપાવી નથી. હું સમજું છું કે મેં આપેલી વિગતો બેન્કિંગ કંપનીઓનું સંચાલન કરતી વહીવટી માર્ગદર્શિકાઓ હેઠળ જરૂરી છે. ઈટ્ઝ કેશ કાર્ડ લિ. અને/અથવા એચડીએફસી બેંક લિમિટેડ (''એચડીએફસી બેંક''/''બેંક'') અથવા તેના અધિકૃત એજન્ટોને જ્યારે પણ જરૂર પડશે ત્યારે તે પ્રમાણેની વધારાની માહિતી/દસ્તાવેજો પૂરા પાડવા હું સંમત થઈને ખાતરી આપું છું. આ અરજીપત્ર સાથે રજૂ કરાયેલા દસ્તાવેજો સાચા છે અને અરજીપત્રમાં અપાયેલી માહિતી સમયાંતરે કોઈ પણ સરકારી કે વૈધાનિક સત્તાવાળા દ્વારા જારી કરાયેલા કોઈપણ ધારા, નિયમો, નિયમનો અથવા કોઈ પણ વિધાન કે કાયદા અથવા કોઈ પણ જાહેરનામાં કે નિર્દેશોનું ઉલ્લંઘન નથી કરતી. હું આ સાથે ખાતરી આપું છું કે, આ અરજીપત્રમાં અપાયેલી માહિતીમાં કોઈ પણ ફેરફાર થશે તો તેની માહિતી યોગ્ય રીતે ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ, (એચડીએફસી બેંકના બિઝનેસ કોરસ્પોન્ડેન્ટ), ટોચનો ૧૪મો માળ, ટાઈમ્સ ટાવર, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ- ૪૦૦૦૧૩ને પૂરી પાડીશ અને સ્વીકારુંછું કે, મેં આપેલી માહિતીના અથવા તો આવા ફેરફારોને હાથ ધરવામાં મેં ન આપેલી કોઈ આગોતરી જાણકારી/વિલંબને લીધે તેમજ મેં આપેલી કોઈ માહિતીના આધારે ઈટ્ઝ કેશ કાર્ડ લિ. અને/અથવા એચડીએફસી બેંક દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી અથવા લેવાયેલાં કોઈપણ પગલાંને કારણે મને થનારા કોઈ પણ નુકસાન, ખર્ચ કે હાનિ માટે તેઓ જવાબદાર નથી. હું આ સાથે ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત મર્યાદાની અંદર અને વેબસાઈટ પર મર્ચન્ટ દ્વારા ઉલ્લેખ કર્યા મુજબની પ્રોડક્ટ્સ/સેવાઓ માટે મર્ચન્ટ દ્વારા ઉલ્લેખિત તમામ વ્યવહારો માટે આ કાર્ડનો ઉપયોગ કરવા સંમત થાઉં છું. હું આ કાર્ડનો ઉપયોગ કરીને કદી પણ કોઈ ગેરકાયદે/ગુનાઈત/નાણાંની હેરફેર નહીં કરુંઅથવા તો તેનો હિસ્સો નહીં બનું. હું સંમત થઈને સમજપૂર્વક કહું છું કે ઈટ્ઝ કેશ કાર્ડ લિ. અને/અથવા એચડીએફસી બેંક મને કોઈપણ કારણ કે સંદર્ભ આપ્યા વિના આ અરજી નકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે. હું સંમત થાઉં છું કે મારા દ્વારા પૂરા પડાયેલા કેવાયસી દસ્તાવેજો એચડીએફસી બેંકની જરૂરિયાત મુજબના ન હોય તો ઈટ્ઝ કેશ કાર્ડ લિ. અને/અથવા એચડીએફસી બેંક જરૂરી પગલાં લઈ શકશે. હું સંમત થઈને સમજણપૂર્વક કહું છું કે એચડીએફસી બેંક મેં પૂરા પાડેલા અરજીપત્ર તથા ફોટોગ્રાફ સહિત તેની સાથે રજૂ કરેલા દસ્તાવેજોને જાળવી રાખવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને તે મને તે પરત નહીં કરે. ઈટ્ઝ કેશ કાર્ડ લિ. અને/અથવા એચડીએફસી બેંક દ્વારા અન્ય બેંકો/નાણાકીય સંસ્થાઓ/ક્રેડિટ પ્રોવાઈડર્સ/કોઈપણ વૈધાનિક કે નિયમનકારી સત્તામંડળને કોઈપણ પ્રોસેસ કરાયેલી માહિતી/ડેટા/પ્રોડક્ટને પૂરા પાડવા માટે જવાબદાર નહીં ઠેરવું.

હું/અમે આ સાથે અભિવ્યક્તિપૂર્વક સંમત થઈને બેંકને (પોતાની રીતે અથવા પોતાના કોઈ સર્વિસ પ્રોવાઈડર્સ અને અથવા તો ઓટોમેટેડ પદ્ધતિએ અથવા અન્ય રીતે) મારા/અમારા દ્વારા પૂરી પડાયેલી માહિતી, કાગળો અને કેવાયસી, ક્રેડિટ માહિતી અથવા અન્ય કોઈપણ માહિતી સંબંધે નીચેનામાંથી કોઈપણ પગલાં લેવા અને કાર્ય કરવા અધિકૃતતા આપું છું પછી તે મારા/અમારા વિશે હોય અથવા તો પોતાના હેતુઓ માટે બેંક દ્વારા સુસંગત ધારી ન લેવાતા હોય (સાર્વત્રિક રીતે, માહિતીઃ

i) કોઈપણ માહિતીને મારા અથવા ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ, વેબસાઈટ, ડેટા બેઝ અને ઓનલાઈન પ્લેટફોર્મ (જાહેર કે ખાનગી) સહિતના કોઈપણ અન્ય ભૌતિક કે ઓનલાઈન સ્ત્રોતો પાસેથી એકત્રિત કરવા, કોઈપણ સ્ત્રોતો પાસેથી ખરાઈ કરાયેલી માહિતીની પ્રમાણભૂતતા, સચોટતા, પર્યાપ્તતા વગેરેને અન્ય સ્ત્રોતો અને વ્યક્તિઓ પાસેથી ખરાઈ કરાવવા જેમકે ઓનલાઈન ડેટા બેઝિસ, અને આવા ઓનલાઈન પ્લેટફોર્મ પર મારા/અમારા લોગિન અને પાસવર્ડની વિગતોનો ઉપયોગ કરવા સહિત માહિતી સુધી પહોંચ, તેના એકત્રીકરણ અથવા ખરાઈ કરાવવા, અને આવી પહોંચ અથવા ખરાઈ મારી/અમારી જાણકારી વિના પણ થઈ શકે છે;

ii) બેંકને યોગ્ય લાગે તે રીતે માહિતીના સંગ્રહ, માળખાકૃત, આયોજન, પુનઃનિર્માણ, નકલ, ઉપયોગ, પ્રોફાઈલિંગ વગેરે રીતે તેને પ્રોસેસ કરવા;

iii) માહિતીનો એટલા ગાળા માટે સંગ્રહ કરવા કે જેને કાયદા અથવા તો બેંકના પૂરાવા અને દાવાના હેતુમાંથી જે પણ લાંબુ હોય ત્યાં સુધી સંગ્રહ કરવા;

iv) વિગતો સર્વિસ પ્રોવાઈડર્સ, કન્સલ્ટન્ટ્સ, ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ, અન્ય બેંક અને નાણાકીય સંસ્થાઓ, સંકલિતો, પેટાકંપનીઓ, નિયમનકારો, તપાસ એજન્સીઓ, ન્યાયિક, અર્ધ-ન્યાયિક અને વૈધાનિક સત્તાવાળાઓ અથવા બેંકના કાનૂની હિતમાં અથવા કોન્ટ્રાક્ટ હેઠળની કે કાયદાકીય જરૂરિયાત સંબંધે જરૂરી લાગે તે રીતે અન્ય વ્યક્તિને અથવા સંમતિ મુજબ પૂરી પાડવા કે જાહેર કરવા;

v) ઉપર ઉલ્લેખિત હેતુઓ માટે બેંક દ્વારા ઉપરમાંની કોઈનો પણ અમલ ધિરાણ મૂલ્યાંકન, ઠગાઈની ઓળખ, નાણાંની હેરફેર વિરોધી કાર્યવાહી, કોન્ટ્રાક્ટ કરવા, પ્રત્યક્ષ માર્કેટિંગ માટે, ધિરાણ સ્કોરિંગ મોડેલ્સ અને વ્યાપાર વ્યૂહો માટે, નિરીક્ષણ માટે, સેવાઓ અને પ્રોડક્ટની ગુણવત્તાના મૂલ્યાંકન અને સુધારણા માટે, અન્ય કાનૂની ઉદ્દેશો માટે અથવા સંમતિ સાથે કોઈપણ હેતુઓ માટે થઈ શકે છે.

હું/અમે અભિવ્યક્તિ સાથે સંમત થઈને બેંક વતી અથવા દ્વારા ઓટોમેટેડ નિર્ણય કરવા અને ઓટોમેટેડ પ્રોફાઈલિંગ, ઓટોમેટેડ પ્રોસેસિંગ માટે મને/અમને વિષયોતીત કરીએ છીએ.

માહિતીના ઉપયોગ તેમજ તેમની વિવિધ વિવિધ પ્રોડક્ટ અને સેવાઓનું સમયાંતરે મને/અમને વળતું-વેચાણ કરવા બેંક અને/અથવા તેના સહયોગીઓ સમક્ષ હું/અમે અભિવ્યક્તિપૂર્વક સંમત થઈએ છીએ.

ગ્રાહકના હસ્તાક્ષર

આઉટલેટના હસ્તાક્ષર અને સિક્કો

---

**અનુમોદન**

અનુક્રમ નંઃ

પ્રાપ્ત રકમઃ

તારીખઃ

આઉટલેટ કોડઃ

આઉટલેટના હસ્તાક્ષર/સિક્કો

આઉટલેટનું નામઃ ______________________

સ્થળઃ ______________________

# મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો

આ એચડીએફસી બેંક ઈબિક્સકેશ પ્રિપેઈડ કાર્ડને કંપની ધારા, ૧૯૫૬ હેઠળ સ્થપાયેલી બેન્કિંગ કંપની એચડીએફસી બેંક દ્વારા જારી કરાયું છે અને બેન્કિંગ નિયમન ધારા, ૧૯૪૯ની વ્યાખ્યામાં બેંક તરીકે પરવાનો અપાયો છે જેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી એચડીએફસી બેંક લિ., વન ઈન્ડિયાબુલ્સ સેન્ટર, ટાવર ૨બી, ૬ઠો માળ, ૮૪૧, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વે), મુંબઈ ૪૦૦૦૧૩ ખાતે આવેલી છે (''એચડીએફસી બેંક). ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ એ એક કંપની છે જેની સ્થાપના કંપની ધારા ૧૯૫૬ હેઠળ કરાયેલી છે અને તેની રજિસ્ટર્ડ કચેરી ટોચના ૧૪મા માળ, ટાઈમ્સ ટાવર, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩ (''એબિક્સકેશ'') ખાતે આવેલી છે. એબિક્સકેશની એચડીએફસી બેંક એબિક્સકેશ પ્રિપેઈડ કાર્ડના બિઝનેસ કોરસ્પોન્ડન્ટ અને પ્રોગ્રામ મેનેજર તરીકે નિમણૂંક કરાયેલી છે.

**(નિયમો અને શરતો)** આ નિયમો અને શરતો તેમજ એબિક્સકેશની વેબસાઈટ એટલે કે www.ebixcash.com પર ઉલ્લેખિત નિયમો અને શરતો તેમજ શરતો સહિત કોઈ પણ બીડાણ અથવા જોડેની પૂરવણી(ઓ) (''નિયમો અને શરતો સાથે) તમારા (''કાર્ડધારક'') દ્વારા ધરાવાતા એબિક્સકેશ/એચડીએફસી બેંકના કો-બ્રાન્ડ પ્રિપેઈડ કાર્ડના કો-બ્રાન્ડ પ્રિપેઈડ કાર્ડના (''કાર્ડ'') ઉપયોગનું સંચાલન કરે છે જે માટેનો કરાર ગ્રાહક અને એબિક્સકેશ/એચડીએફસી બેંક વચ્ચે થયો છે. કાર્ડધારક આ સાથે કાર્ડ વડે વ્યવહાર કરીને અથવા લેખિતમાં કાર્ડની પ્રાપ્તિનું અનુમોદન કરીને અથવા કાર્ડની પાછળ સહી કરીને કાર્ડધારકના નિયમો અને શરતોનું પાલન કરવા સંમત થાય છે અને એ પણ ધારી લેવાશે કે તેણે તમામ નિયમો અને શરતોને વાંચી અને સમજી લીધા છે. કાર્ડના ઉપયોગનું સંચાલન કરનારા સંલગ્ન જાહેરનામાં/માર્ગદર્શિકાઓ/પરિપત્રોમાં કોઈ પણ ફેરફારો/સુધારા સાથે પોતાને અપડેટ રાખવા બાબતે કાર્ડધારક પોતે જવાબદાર રહેશે. અમલમાં હોય તે રીતે અને સમયાંતરે કાર્ડના ઉપયોગનું સંચાલન કરતા સંલગ્ન જાહેરનામાં/માર્ગદર્શિકાઓ/પરિપત્રોનું કાર્ડધારક દ્વારા કોઈ પણ ઉલ્લંઘનને કારણે ઊભી થનારી તમામ જવાદારીઓમાંથી બેંક પોતાને મુક્ત જાહેર કરે છે. આ શરતો અને નિયમો સ્વીકાર્ય ન હોય તો કાર્ડધારકે કાર્ડનો ઉપયોગ ન કરવો અને કાર્ડ તાત્કાલિક એબિક્સકેશ/એચડીએફસી બેંકને પરત કરવું.

**(કાર્ડખાતાની વિગતો સુધી પહોંચ)** ઉપલબ્ધ શેષ (''કાર્ડ શેષ'') સહિતની કાર્ડને લગતી કોઈ પણ માહિતી www.ebixcash.com પર લોગિન થયા બાદ અથવા તો તમારા કાર્ડની પાછળ ઉલ્લેખિત ફોન નંબર અને/અથવા ઈમેઈલ એડ્રેસ પર ગ્રાહક સેવા કેન્દ્રને કોલ કરીને/લખીને પ્રાપ્ત કરી શકાય છે.

**૧. ઉપયોગ, મર્યાદા અ સુરક્ષા**

(ઉપયોગ) કાર્ડને જારી કરવા અને તેનો ઉપયોગ સમયાંતરે એચડીએફસી બેંક દ્વારા જારી નિયમો અને નિયમનોને આધિન રહેશે. કાર્ડધારકે ફક્ત ભારતમાં જ ચીજવસ્તુઓ અને સેવાઓની વેપારીઓ પાસેથી ભારતીય રૂપિયામાં ખરીદી કરવા જ આ કાર્ડનો ઉપયોગ કરવો.

(તબદિલપાત્રતા) આ કાર્ડ તબદિલીને પાત્ર નથી અથવા કાર્ડધારક તેને કોઈ પણ સંજોગોમાં કોઈનેય તેની ફાળવણી કરી શકશે નહીં.

(ખોવાયેલું અને ચોરાયેલું કાર્ડ) જો આ કાર્ડ અથવા તેનો પિન ખોવાઈ જાય, ચોરી થઈ જાય કે દુરુપયોગ થાય તો તેની તાત્કાલિક કાર્ડની પાછળ ઉલ્લેખિત ટેલિફોન નંબર પર ગ્રાહક સેવા કેન્દ્ર (''ગ્રાહક સેવા કેન્દ્ર'')નો સંપર્ક કરવો. તમારે પિનને યાદ કરીને તેને લગતા પત્રવ્યવહારનો તાત્કાલિક નાશ કરવો. આ કાર્ડ ખોવાયા કે ચોરાયાની જાણ કર્યાના ૨૪ કલાકની અંદર બ્લોક કરી દેવાશે અને તમે કાર્ડ ખોવાયાનું રિપોર્ટ કરો છો તે સમયથી તમારા નાણાંના રક્ષણ શરૂથાય છે. એબિક્સકેશ/એચડીએફસી બેંક પોતાની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને અને કાર્ડધારકની ઓળખની ખરાઈ કરીને નિર્ધારિત ફી વસૂલ્યા બાદ ખોવાયેલા કાર્ડના બદલામાં નવું કાર્ડ જારી કરે છે.

(કાનૂની બાબતો) કાર્ડધારકે ફક્ત કાનૂની રીતે કાયદેસરના હેતુઓ માટે જ કાર્ડનો ઉપયોગ કરવો.

(ત્રાહિત પક્ષકાર દ્વારા ઉપયોગ) અનધિકૃત ઉપયોગ સામે કાર્ડધારકના હિતોનું રક્ષણ કરવા એવી સલાહ અપાય છે કે તમારે તમારા કાર્ડને તમામ સમયે તમારા અંગત કબજામાં જ રાખવું.

(જવાબદારી) કાર્ડધારકને પ્રાપ્ત થયેલા માલ-સામાન અથવા સેવાની ગુણવત્તા, મૂલ્ય, વોરન્ટી, ડિલિવરીમાં વિલંબ, નોન ડિલિવરી, બિનપ્રાપ્તિ સહિત કોઈ પણ બાબતે થનારી તકરાર માટે બેંક અથવા એબિક્સકેશમાંથી કોઈને પણ દોષી ઠેરવી શકાશે નહીં. એ બાબત સ્પષ્ટપણે સમજવી જોઈએ કે આ કાર્ડ ફક્ત મર્ચન્ટને ચૂકવણી કરવા માટે કાર્ડધારકને એક સુવિધા આપે છે અને માલ-સામાન અથવા સેવાની ગુણવત્તા, મૂલ્ય, વોરન્ટી, ડિલિવરીમાં વિલંબ, નોન ડિલિવરી, બિનપ્રાપ્તિ સહિત કોઈ પણ બાબતે થનારી તકરાર માટે બેંક કોઈ વોરન્ટી નથી આપતી કે પ્રતિનિધિત્વ નથી કરતી અને કાર્ડધારકે તો મર્ચન્ટ સાથે જ તે તકરારનો સીધો નિવેડો લાવવાનો રહેશે.

(કાર્ડ શેષમાં ફેરફાર) કાર્ડ ખાતામાં જમા રકમ માટે ગ્રાહક હકદાર રહેશે કોઈ વ્યવહારનું રિવર્સલ થશે તો કાર્ડધારકને તેનું કોઈ રિફંડ નહીં મળે. એબિક્સકેશ/એચડીએફસી બેંકે નાણાં રિફંડ કરતી વેળાએ સંલગ્ન મર્ચન્ટે લાદેલા લાગુ પડતા ચાર્જિસને વસૂલવાના રહેશે.

(વ્યવહારની મર્યાદા) એબિક્સકેશ, એચડીએફસી બેંક અને/અથવા વેચાણના તબક્કે વેપારી નાણાકીય રકમ તેમજ એક ચોક્કસ સમયગાળામાં (''વ્યવહારની મર્યાદા'') કાર્ડ દ્વારા અનુમતિને પાત્ર વ્યવહારની સંખ્યા પરની મર્યાદા નિર્ધારિત કરી શકે છે. એબિક્સકેશ/એચડીએફસી બેંક કોઈ પણ તબક્કે કોઈ પણ કારણસર વ્યવહારની મર્યાદા સુધારી શકે છે. કાર્ડધારક ઊબશક્ષ્ભફતવ.ભજ્ઞળ ખાતે આ ચાર્જિસને ઓનલાઈન જોઈ શકે છે અથવા ગ્રાહક સેવા કેન્દ્રમાં કોલ કરી શકે છે. કાર્ડધારકને લાગુ પડતા કાયદા મુજબ જાણ કરાશે.

**૨. પૂર્ણતા, સદ કરવું અને બંધ કરવું**

આ કાર્ડ જારી કરાયાની તારીખથી પાંચ (૫) વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે. આ કાર્ડની અવધિ તેની પર ઉલ્લેખિત પૂર્ણતાની તારીખે (એક્સપાયરેશન ડેટ) પૂર્ણ થઈ જશે. એબિક્સકેશ/એચડીએફસી બેંક આ સંજોગોમાં કાર્ડના ઉપયોગને રદ અથવા બંધ કરી શકે છે જો: (i) કાર્ડધારક કાર્ડ ખોવાઈ જવાની જાણ કરે. (ii) સતત ૯૦ દિવસ સુધી કાર્ડનો ઉપયોગ ન થાય, (iii) કાર્ડમાં ૯૦ દિવસના ગાળા સુધી કોઈ શેષ જ ન રહે, (iv) કાર્ડધારક કોઈ પણ નિયમ કે શરતોનો ભંગ કરે, (v) કાર્ડને બંધ કે રદ કરવા કોર્પોરેટ તરફથી કોઈ ચોક્કસ સૂચના અપાય, અથવા (vi) કાર્ડને રદ અથવા સસ્પેન્ડ કરવા સંબંધે પેમેન્ટ પ્રોસેસ કરાય, અથવા (vi) એબિક્સકેશ/એચડીએફસી બેંક પોતાના વાજબી નિયંત્રણ બહારના કારણસર ચૂકવણીને પ્રોસેસ કરવા અસમર્થ હોય કે પછી તેને આ માટે અટકાવાય, કે જેમાં કાયદા કે નિયમન હેઠળના નિયંત્રણો સમાવિષ્ટ છે પરંતુ તત્પૂરતા મર્યાદિત નથી.

**૩. કાર્ડ શેષ**

(કાર્ડ શેષ) કાર્ડધારક આ નિયમો અને શરતો મુજબ કાર્ડનો યોગ્ય અને વાજબી ઉપયોગ કરીને કાર્ડની શેષનો ઉપયોગ કરી શકે છે. કાર્ડધારકે તે માટે કોઈ વ્યાજ ચૂકવવાનું રહેશે નહીં. કાર્ડધારકને લાગુ પડતા ચાર્જિસ સહિત સેવાઓ પ્રાપ્ત કરવા/ખરીદી માટે પૂરતી રકમનો વ્યવહાર કરવાની સલાહ અપાય છે નહીંતર વ્યવહાર માન્ય નહીં ગણાય.

(અનિયમિતતા) કાર્ડધારક મર્ચન્ટના સ્થળે વ્યવહારની વિગતોમાં કોઈ પણ ગેરરીતિ કે અયોગ્યતા જણાય તો તેના વિશે વ્યવહાર પ્રોસેસ થયાના ૦૭ દિવસમાં જ એબિક્સકેશને જાણ કરશે. આટલા સમયગાળામાં આવી નોટિસ નહીં મળે તો એબિક્સકેશ ધારી લેશે કે આ વ્યવહાર યોગ્ય છે.

**૪. ફી અને લાગુ પડતા કરવેરા**

એબિક્સકેશ/એચડીએફસી બેંક કાર્ડની શેષમાંથી તમામ લાગુ પડતી ફી અને ચાર્જિસને કાપી લેશે.

**૫. એબિક્સકેશ/એચડીએફસી બેંકની જવાબદારી**

એબિક્સકેશ/એચડીએફસી બેંકની જવાબદારી કોઈ પણ તબક્કે કાર્ડમાં રહેલી રકમની મર્યાદા સુધીની જ રહેશે.

**૬. ડેટાનું રક્ષણ**

એબિક્સકેશ/એચડીએફસી બેંક ગ્રાહકની સૂચના મુજબ કાર્ડ પૂરું પાડવા માટે કાર્ડધારકના અંગત ડેટાને પ્રોસેસ કરશે જેથી કાર્ડનું સંચાલન થઈ શકે અને કાર્ડ અથવા તેના ઉપયોગને લગતી કાર્ડધારકની પૃચ્છાઓનો જવાબ આપી શકાય, આંકડાકીય તેમજ નિયમનકારી રિપોર્ટિંગ અને છેતરપિંડીને અટકાવવાની પ્રક્રિયા હાથ ધરી શકાય.

એબિક્સકેશ/એચડીએફસી બેંક ગોપનીય રીતે અને લાગુગડતા ડેટા રક્ષણ તેમજ બેંક ગોપનીયતા કાયદા હેઠળ અપાયેલી અનુમતિની મર્યાદામાં રહીને કાર્ડધારકને અન્ય કંપનીઓ કે ત્રાહિત પક્ષકારોને લગતી માહિતી આપશે જેમાં અરજીની પ્રક્રિયા પૂરી પાડનારા, છેતરપિંડીના નિરીક્ષણ, ગ્રાહક સેવાઓ, કાર્ડ ઉત્પાદન અને ટેકનોલોજી પ્રોસેસિંગ સેવાઓ તેમજ તેમના એજન્ટો, પેટાકોન્ટ્રાક્ટરો, કાર્ડધારકની માહિતી અને કાર્ડનો સમાવેશ થશે.

એબિક્સકેશ/એચડીએફસી બેંક કાર્ડધારકની અંગત વિગતો આપને આપી શકે છેઃ (i) ગ્રાહક, (ii) ખોટી કે અયોગ્ય માહિતી અપાશે અથવા ઠગાઈની શંકા જશે તો છેતરપિંડી નિવારાણ એજન્સી, અને (શશશ) વૈધાનિક/નિયમનકારી સત્તાવાળાઓ, કાયદાનું પાલન કરાવનારી અથવા ઠગાઈ નિવારણ એજન્સીઓ કે જ્યાં લાગુ પડતા કાયદા અથવા અદાલતી આદેશ દ્વારા આમ કરવું જરૂરી હોય. એબિક્સકેશ/એચડીએફસી બેંક ટેલિફોન કોલને રેકોર્ડ કરી શકે છે/તેની પર નિરીક્ષણ રાખી શકે છે જેથી ઉચ્ચ ગુણવત્તાશીલ સેવા અને સુરક્ષા, ડેટા એકત્રીકરણ, તાલીમ ઉદ્દેશો માટે અથવા તો કાયદા દ્વારા જરૂરી હોય તેનું પાલન કરી શકે. તમામ રેકોર્ડિંગ એબિક્સકેશ/એચડીએફસી બેંકની માલિકીના રહેશે. કાર્ડધારકો એબિક્સકેશ/એચડીએફસી બેંક દ્વારા પોતાના અંગત ડેટાના (તબદિલી સહિત) પ્રોસેસિંગ, તેમજ અન્ય ઉપરોક્ત પ્રાપ્તિકર્તાઓને ઉપરોક્ત હેતુસર આપવા સંમતિ આપે છે.

**૭. પરચૂરણ**

(સુધારા) એબિક્સકેશ/એચડીએફસી બેંક ગ્રાહકને નોટિસ આપ્યા વિના, કોઈ પણ સમયે અને લાગુ પડતા કાયદા, તેની કોઈ જોગવાઈમાં ફેરફાર કે રદ થવાને આધિન રહીને કોઈ પણ ચાર્જિસનો ઉમેરો કે ફેરફાર (વધારા કે ઘટાડા સહિત) કરી શકે છે. કાર્ડધારકે આ ફેરફારને www.ebixcash.com પર ઓનલાઈન ઉપલબ્ધ કરાય ત્યારપછીના ૨૪ કલાકમાં આ ફેરફારોને જોઈને તેને સ્વીકારી લીધા હોવાનું માની લેવાશે. એબિક્સકેશ/એચડીએફસી બેંક કોઈ પણ શરતમાં સુધારો કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

(સંચાલન કરતો કાયદો) આ નિયમો અને શરતો તેમજ તેના હેઠળ ઉદભવતી તમામ બાબતોનું સંચાલન ભારતીય કાયદા હેઠળ કરાય છે અને બંને કાર્ડધારક તેમજ એબિક્સકેશ/એચડીએફસી બેંક આ માટે મુંબઈની કોર્ટના સંપૂર્ણ ન્યાયાધિકારક્ષેત્રને સ્વીકારે છે.

**૮. હેલ્પલાઈન**

અમારા ગ્રાહક સેવા કેન્દ્ર નં. ૭૬૬૬૧૫૫૨૨૦ પર અમને કોલ કરો અથવા અમને care@ebixcash.com પર ઈમેઈલ કરો અથવા અમને આ સરનામે ટપાલ લખોઃ ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ, ૧૪મો ટોચનો માળ, ટાઈમ્સ ટાવર, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ- ૪૦૦૦૧૩.